કલાક્ષેત્ર સંગીત વિદ્યાલય દ્વારા આયોજન

# રવિવારે મેઘાણી ઓડિટોરિયમમાં કથક વિશારદ રંગમંચ કાર્યક્રમ

ભાવનગર,તા.૪

ભાવનગર કલાક્ષેત્ર સંગીત વિદ્યાલયની ૮ વિદ્યાર્થીનીઓનો કથક વિશારદ રંગમંચ પ્રદર્શન કાર્યક્રમ તા.૭ને રવિવારના બપોરે ૩ કલાકે ઝવેરચંદ મેઘાણી ઓડીયોરીયમ ખાતે યોજાશે.

આ કાર્યક્રમમાં સીવીએમ યુનિ. વી. વી.નગરના ડિરેક્ટર હેમંત ત્રિવેદીના મુખ્ય મહેમાન પદે તેમજ સિનિયર પત્રકાર,લેખક જયેશ દવેના અતિથિ વિશેષ પદે યોજાશે. ગુરૂ જીગર ભટ્ટના માર્ગદર્શન હેઠળ યોજાનાર આ વિશારદ રંગ મંચ કાર્યક્રમમાં કલાક્ષેત્રની અંતરા ભટ્ટ. પીનલ વર્ધન, દિવ્યબાળા શુકલ, ઘટના વોરા, મીલી જગડ, આયુષી જોશી, જાનવી દવે,



વેદિકા ભટ્ટ કથક ડાન્સની વિવિધ કૃતિઓ રજુ કરશે. આ કાર્યક્રમ નિહાળવા રસ ધરાવતા પ્રેક્ષકોને જાહેર નિમંત્રણ અપાયું છે.

## વડવા સમસ્ત બ્રહ્મસમાજ યુવા ગ્રુપ દ્વારા સમૂહ યજ્ઞોપવિત કાર્યક્રમ

ભાવનગર,તા.૪

વડવા સમસ્ત બ્રહ્મસમાજ યુવા ગ્રુપ દ્વારા આયોજિત ૨૩મો સમુહ યજ્ઞોપવિત રવિવાર તારીખ ૨૫-૧-૨૬ના રોજ ભાવનગર ખાતે આયોજન કરવામાં આવેલ છે, તો સમસ્ત બ્રહ્મસમાજના બટુકોને યજ્ઞોપવિત આપવા ઈચ્છતા બ્રહ્મસમાજનાં વડીલો એ ફોર્મ કાર્યાલય વડવા ચોરા કામનાથ મહાદેવ મંદિરની બાજુમાં મહાદેવ ઝેરોક્ષ ધર્મેશભાઈ પંડયાનો સંપર્ક કરી મેળવી લેવાના રહેશે અને ફોર્મ ભરી અને પરત કરવા છેલ્લી તારીખ ૨૫/૧૨ રહેશે. અને બટુકોની સંખ્યા ૨૧ની રહેશે ફોર્મ ભરી અને પહોંચતું કરવાનું રહેશે વિશેષ માહિતી માટે કાર્તિકભાઈ મહેતા ૯૮૨૫૭ ૦૭૬૨૪નો સંપર્ક કરવા જણાવાયું છે.

# ઓશો રજનીશના જન્મોત્સવ પ્રસંગે મોરારિબાપુના વ્યાસાસને રામકથા

મધ્યપ્રદેશમાં જબલપુરમાં આગામી શનિવારથી આયોજન

ઈશ્વરિયા,તા.૪

વિશ્વવિખ્યાત આધ્યાત્મિક દાર્શનિક અને વિચારક ઓશો જન્મ મહોત્સવ પ્રસંગે મધ્યપ્રદેશમાં જબલપુરમાં આગામી શનિવારથી મોરારિબાપુના વ્યાસાસને રામકથા લાભ મળશે.

સમગ્ર વિશ્વમાં જેમનાં તત્ત્વચિંતન સાથે ચર્ચામાં રહેલ રજનીશજી , જે 'ઓશો'



તરીકે નામ ધારણ કરી તેમની દાર્શનિક ભૂમિકામાં કાર્યરત રહ્યાં. ઓશોની સ્મૃતિ સાથે તેમની જન્મજયંતિ ઉજવણી પ્રસંગે આગામી શનિવાર તા.૬થી શ્રી મોરારિબાપુના વ્યાસાસને શ્રી રામકથા લાભ મળનાર છે.

મોરારિબાપુ રામકથા કે અન્ય ઉપક્રમોમાં ઓશો વિચાર અને અધ્યાત્મ, શાસ્ત્ર તથા કથા સાથે સાંપ્રત પ્રવાહની તુલના અને સંધિ અવશ્ય કરતાં રહે છે.

વિશ્વવિખ્યાત આધ્યાત્મિક દાર્શનિક અને વિચારક ઓશો જન્મ મહોત્સવ પ્રસંગે ઓશો જન્મસ્થાન મધ્યપ્રદેશમાં નર્મદાનાં તટ પર કુછવાડા, જેની નજીક પચપેડી, જબલપુરમાં આ રામકથા લાભ મળશે.

મોરારિબાપુ દ્વારા સત્ય, પ્રેમ અને કરુણાના મૂલ્ય સંદેશ સાથે ઓશોનાં જન્મ જયંતિ પ્રસંગમાં ધ્યાન, પ્રવચન અને આનંદદાયક ઉજવણીનો ભાવિક શ્રોતાઓ માટે અવસર મળનાર છે.

# તળાજાના પાદરગઢની વાડીમાંથી લીલા ગાંજાનું વાવેતર ઝડપાયું

## રૂ.૫.૭૦ લાખના ૨૮ છોડ એસઓજીએ ઝડપી લીધા, વાડી માલિકની ધરપકડ



તળાજા,તા.૪

તળાજા પંથકના દાઠા પોલીસ મથક વિસ્તારમાંથી એસ.ઓ.જી પોલીસને ગાંજાના વાવેતરની મળેલી બાતમીના આધારે એસ.પી ના વોરંટ સાથે એફ. એસ.એલ ની ટિમ, બે સરકારી પંચોને સાથે રાખી વાડીમા રેડ કરીને યુવાન ખેડૂતે કપાસની વચ્ચે વાવેલા ગાંજાના વાવેતરને પકડી પાડેલ રૂ.૫,૭૦,૫૦૦ ની કિંમત ગાંજાની ગણીને યુવકની ધરપકડ કરી હતી.

તળાજાના પાદરગઢ ગામે પછેડીયા ધાર વિસ્તારમાં આવેલ ખેડૂત રામભાઈ વિરાભાઈ ભમ્મરએ પોતાની વાડીમા કપાસ સાથે ગાંજો વાવ્યો હોવાની એસ.ઓ.જી પો.ઈ સુનેસરાને માહિતી મળી હતી. જેથી તેઓએ સ્ટાફને ખરાઈ કરવાનો આદેશ આપેલ.જેમાં સત્યતા હોય જિલ્લા પોલીસ વડા પાસેથી વોરંટ મેળવી સરકારી પંચ રાખવાના નિયમને લઈ સહકારી મંડળી રજીસ્ટર કચેરીના ધર્મેન્દ્રભાઈ ધાંધલ્યાં, ધ્રુવરાજભાઈ કાઠિયા અને એફ.એસ.એલ અધિકારીને સાથે રાખી, સ્થાનિક તલાટી મંત્રીને બોલાવી ખરાઈ કરીને રેડ કરી હતી.પોલીસને રેડ દરમિયાન ગાંજાનું વાવેતર મળ્યું હતું.જેમાં ૨૮ છોડ જેનો વજન ૧૧ કિલો અને ૪૧૦ ગ્રામ થતા તેની કિંમત પોલીસે રૂ.૫,૭૦,૫૦૦ ગણી કબ્જે લઈ આરોપીની ધરપકડ કરી હતી.કેસની તપાસ દાઠા પો.ઈ ચેતન મકવાણા ચલાવી રહ્યા છે.

# પાલીતાણાના દુધાળા ગામે સરકારી પડતર જગ્યામાંથી ઈંગ્લિશ દારૂનો જથ્થો ઝડપાયો

## રૂ.૧ લાખની કિંમતની દારૂની નાની-મોટી ૪૫૬ બોટલ જપ્ત, આરોપી ફરાર

ભાવનગર,તા.૪

પાલીતાણા તાલુકાના દુધાળા ગામે પોલીસે બાતમી આધારે દરોડો પાડી બાવળની કાંટમાં છુપાવી રખાયેલી વિદેશી દારૂની નાની મોટી ૪૫૬ બોટલ બરામત કરી હતી. જ્યારે રેડ દરમિયાન શખસ હાજર મળી આવ્યો ન હતો. તેના સામે પોલીસે ગુનો દાખલ કર્યો હતો.

બનાવ અને પ્રાપ્ત વિગતો અનુસાર પાલીતાણા રૂરલ પોલીસ સ્ટાફ પોલીસ મથક વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતો તે દરમિયાન બાતમી મળેલ કે, દુધાળા ગામે રહેતા જીગ્નેશ રૈયાણી નામના શખસે દુધાળા ગામથી લીલીવાવ જવાના વાડી વિસ્તારના રસ્તે આવેલા તળાવની બાજુમાં સરકારી પડતર જગ્યામાં બાવળની કાટમાં વિદેશી દારૂનો જથ્થો છુપાવી રાખેલ છે. જે હકીકત આધારે રેડ કરી તપાસ હાથ ધરતા બાવળની કાંટમાંથી વિદેશી દારૂની રોયલ સ્ટેગ વ્હીસ્કી ૭૫૦ એમએલની ૩૦ બોટલ, રોયલ ચેલેન્જ વ્હીસ્કીની ૧૮૦ એમએલની ૧૯૨ બોટલ, ઓલ સેશન્સ વ્હિસ્કીની ૧૮૦ એમએલની ૨૬૪ બોટલ મળી કુલ દારૂની ૪૫૬ બોટલ કિં. રૂા. ૧,૦૦,૭૪૦નો મુદામાલ મળી આવતા જપ્ત કર્યો હતો. જ્યારે પોલીસ રેડ દરમિયાન આરોપી હાજર મળી આવ્યો ન હતો. આ બનાવ સંદર્ભે પોલીસે જીગ્નેશ રૈયાણી સામે પ્રોહિ.એક્ટની કલમ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ડો.કેવલ પરમારને જોઈન્ટ રિપ્લેસમેન્ટ ક્ષેત્રે આગવા પ્રદાન બદલ મળ્યો એવોર્ડ




ભારત સરકારના હેલ્થ સેક્રેટરી ધનંજય દ્વિવેદીના હસ્તે 'ડિસ્ટિંગ્વિશ્ડ વર્ક ઈન જ્વૉઈન્ટ રિપ્લેસમેન્ટ' એવોર્ડથી નવાજવામાં આવ્યા

ભાવનગર,તા.૪

કે.પી. હોસ્પિટલ ભાવનગરના ખ્યાતનામ ઓર્થોપેડિક સર્જન ડૉ. કેવલ પરમારને સંયુક્ત પ્રતિસ્થાપન (Joint Replacement) ક્ષેત્રમાં કરેલા આગવા અને વિશિષ્ટ કાર્ય બદલ પ્રતિષ્ઠિત "ડિસ્ટિંગ્વિશ્ડ વર્ક ઈન જ્વૉઈન્ટ રિપ્લેસમેન્ટ" એવોર્ડથી નવાજવામાં આવ્યા છે.

આ સન્માન ન્યુઝ૧૮ નેટવર્ક દ્વારા આયોજિત વિશેષ કાર્યક્રમમાં આપવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન ભારત સરકારના હેલ્થ સેક્રેટરી ધનંજય દ્વિવેદીએ ડૉ. કેવલ પરમારને એવોર્ડ અર્પણ કર્યો હતો.

ડૉ. કેવલ પરમારે આધુનિક તકનીકો તથા દર્દી કેન્દ્રિત સારવાર દ્વારા ભાવનગર અને સૌરાષ્ટ્ર વિસ્તારમાં Joint Replacement સર્જરીઓને નવી ઓળખ આપી છે. તાજેતરના વર્ષોમાં તેમણે હજારો દર્દીઓને સફળ Knee અને Hip Replacement દ્વારા નવી ચાલ અને જીવનની ગુણવત્તા અપાવી છે.

# કોર્પોરેશનમાં ૩૯.૮૨ લાખનો મિલ્કત વેરો ભરપાઈ

ભાવનગર,તા.૪

બુધવારે કુલ ૧૯૫ કરદાતાઓ દ્વારા કુલ ૩૯.૮૨ લાખનો મિલ્કત વેરો એક જ દિવસમાં ભરપાઈ કરવામાં આવતાં મહાનગરપાલિકાની ચાલુ નાણાકીય વર્ષની મિલ્કત વેરાની કુલ આવક ૧૪૫.૨૬ કરોડ થયેલ છે.

માસ જપ્તીના પગલે ભાવનગર મહાનગરપાલિકાની આવકમાં દિન પ્રતિદિન વધારો થઈ રહ્યો છે.તા.૧૦.૧૧.૨૦૨૫ થી શરૂ કરેલ માસ જપ્તીમાં અત્યાર સુધીમાં કુલ ૮૦૦ થી પણ વધુ મિલકતોને સીલ કરવામાં આવેલ છે.

## ખેલ મહાકુંભ -ટેબલ ટેનિસમાં બ્રોન્ઝ મેડલ મેળવતા ખેલાડીઓ




ગુજરાત રાજ્ય દ્વારા આયોજિત ખેલ મહાકુંભ ૨૦૨૫ માં ટેબલ ટેનિસ રમત સીદસર સ્પોર્ટ સંકુલ ખાતે ૧લી ડિસેમ્બરના રોજ યોજાયેલ જેમાં **40+ Age** ગ્રુપમાં ધર્મરાજસિંહ રાણા ગોલ્ડ મેડલ હાર્દિકભાઈ ભટ્ટ સિલ્વર મેડલ તથા હિતેશભાઈ રાજયગુરુ બ્રોન્ઝ મેડલ મેળવ્યા હતા.

# એગ્રોસેલ કંપનીમાં બ્રોમીન લીકેજ તેમજ ઔદ્યોગિક ડિઝાસ્ટર પર યોજાઈ મોકડ્રીલ


## ગેસ લીકેજ સમયે બચાવ કામગીરી કરવી, કેમિકલને વધુ પ્રસરતું અટકાવવું તેનું નિદર્શન કરાયું

ભાવનગર,તા.૪

ભાવનગર જિલ્લાના ઘોઘા તાલુકાના અવાણીયા ગામે આવેલી એગ્રોસેલ ઈન્ડસ્ટ્રીઝ પ્રાઈવેટ લીમીટેડ કંપનીમાં બ્રોમિન ગેસ લીકેજ તેમજ ઔદ્યોગિક ડિઝાસ્ટર પર મોકડ્રીલ યોજાઈ હતી.

આ મોકડ્રીલમાં પ્રથમ ઈન્ડસ્ટ્રીઝ દ્વારા લીકેજ પર કાબુ મેળવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો હતો, ત્યારબાદ જિલ્લા વહીવટીતંત્રની મદદ માટે ઈમરજન્સી સર્વિસઝને જાણ કરતા ફાયર, પોલીસ, ૧૦૮ તાત્કાલિક સ્થળ પર પહોંચ્યાં હતાં.આ





ઉપરાંત એન.ડી.આર.એફ.ની ટીમ દ્વારા સ્થળ પર રેસ્ક્યુની કામગીરી હાથ ધરવામાં આવી હતી.

મોકડ્રીલ દરમિયાન કેમિકલ પ્લાન્ટમાંથી ગેસ લીકેજની દુર્ઘટના સમયે કેવી રીતે બચાવ કામગીરી કરવી અને કેમિકલને આજુબાજુના વિસ્તારમાં વધુ પ્રસરતું કેવી રીતે અટકાવવું તેનું વાસ્તવિક નિદર્શન કરવામાં આવ્યું હતું. ઔદ્યોગિક એકમોમાં બનતી દુર્ઘટનાઓથી ઉભી થતી ઈમરજન્સીને પહોંચી વળવા માટે આ કવાયત હાથ ધરવામાં આવી હતી.જિલ્લા વહીવટી તંત્ર તેમજ એન.ડી.આર.એફ.ના સંયુક્ત ઉપક્રમે મોકડ્રીલનું આયોજન કરવામાં આવ્યું હતું.

ગઈકાલે કલેકટર કચેરીના સભાખંડ ખાતે જિલ્લા કલેકટર ડૉ.મનીષ કુમાર બંસલના અધ્યક્ષસ્થાને ડિસ્ટ્રીક્ટ ક્રાઈસીસ મેનેજમેન્ટ ગૃપની બેઠક યોજાઈ હતી. જેમાં જિલ્લામાં કેમિકલ એક્સિડન્ટની સ્થિતિમાં અસરકારક પ્રતિસાદ માટેની તૈયારીઓને વધુ મજબૂત બનાવવા અંગેની ચર્ચા કરવામાં આવી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે,ભારત સરકારના ગૃહ વિભાગના નિર્દેશ અનુસાર એન.ડી.આર.એફ.દ્વારા જિલ્લામાં કેમીકલ તેમજ ઔદ્યોગિક ડિઝાસ્ટર પર મોક એક્સરસાઈઝ પણ કરવામાં આવી હતી.

આ મોકડ્રીલમાં પ્રાંત અધિકારી પ્રતિભા દહિયા, નાયબ પોલીસ અધિક્ષક આર. આર. સિંઘલ,

એનડીઆરએફના આસિસ્ટન્ટ કમાન્ડન્ટ વિક્રમ ચૌધરી, ડે. કમાન્ડન્ટ ડો. મોહીની આર્યા, મદદનીશ નિયામક DISH મિતેષ મેનાત, મામલતદાર બ્રહ્મભટ્ટ, ડીપીઓ ડિઝાસ્ટર ડિમ્પલ તેરૈયા ગુજરાત પ્રદુષણ કંટ્રોલ બોર્ડ, અવણિયા ગામના સરપંચ ,તલાટી મંત્રી તેમજ જિલ્લાની અન્ય ઈન્ડસ્ટ્રીઝના પ્રતિનિધિઓ હાજર રહ્યાં હતા.

# જાળિયા ગામ ખાતે વિલિંગ ફાર્મર તાલીમ યોજાઈ

## પ્રાકૃતિક ખેતીમાં દેશી ગાયનું મહત્વ તથા મિશ્ર આંતરપાકોની અગત્યતા બાબતે ખેડૂતોને માહિતગાર કરાયા

ભાવનગર,તા.૪

ભાવનગર જિલ્લામાં ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડ તેમજ આત્મા પ્રોજેક્ટના સંયુકત ઉપક્રમે વિલિંગ પાલીતાણા તાલુકાના ગંધોળ ક્લસ્ટરના જાળિયા ગામે વિલિંગ ફાર્મર તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૧૦૯ ખેડૂતોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

આ તાલીમ કાર્યક્રમમાં જીવામૃત, બીજામૃત તેમજ પ્રાકૃતિક ખેતીનું મહત્વ તેમજ પ્રાકૃતિક ખેતીના સિદ્ધાંત વગેરેની પ્રાયોગીક તાલીમ આપવામાં આવી હતી. પ્રાકૃતિક ખેતીમાં દેશી ગાયનું મહત્વ તથા મિશ્ર/ આંતરપાકોની અગત્યતા બાબતે ખેડૂતોને માહિતગાર કરવામાં આવ્યા હતા.

ખેડૂતોને પ્રાકૃતિક ખેતીના મૂળભૂત તત્વો તથા પાંચ મુખ્ય આયામો જીવામૃત, ઘન જીવામૃત, બીજામૃત, આચ્છાદન અને વાવેતર પદ્ધતિ — અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી.

પ્રશિક્ષણ દરમિયાન કૃષિ કર્મચારીઓ અને તાલીમદાતાઓએ ખેડૂતોની હાજરીમાં જીવામૃત અને ઘન જીવામૃત તૈયાર કરવાની પ્રાયોગિક રીત બતાવી હતી. સાથે જ તેનો ઉપયોગ કેવી રીતે કરવો, પાક પર છંટકાવ કરવાની યોગ્ય પદ્ધતિ અને સમયગાળા અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતુ. તાલીમ દરમિયાન ખેડૂતોને સમજાવવામાં આવ્યું કે, પ્રાકૃતિક ખેતી પદ્ધતિ અપનાવવાથી જમીનની ઉર્વરતા વધે છે, ખર્ચ ઘટે છે અને પાક વધુ ગુણવત્તાવાળો તેમજ રાસાયણિક મુક્ત બને છે. દેશી ગાયના મૂત્ર અને છાણથી તૈયાર થતાં જીવામૃતના ઉપયોગથી પાકમાં જરૂરી પોષક તત્ત્વો મળે છે અને જમીનનું સ્વાસ્થ્ય સારુ જળવાય છે. આ પદ્ધતિથી પકવાયેલા ફળ, શાકભાજી અને અનાજ વધુ ગુણકારી અને આરોગ્યપ્રદ રહે છે, જે પરિવારના સ્વાસ્થ્ય માટે લાભદાયી છે.

આ વેળાએ પ્રાકૃતિક ખેતી સાથે સંકળાયેલા પ્રગતિશીલ ખેડૂત તુલસીભાઈ અને મનસુખભાઈ, ખેતી મદદનીશ શ્રી ભાર્ગવભાઈ જાની તેમજ આત્મા પ્રોજેક્ટ ભાવનગરના છ્સ્મનીષભાઈ વ્યાસ દ્વારા પ્રાકૃતિક કૃષિ અંગે સવિશેષ માહિતી આપવામાં આવી હતી. તેમજ તાલીમાર્થીઓને પ્રાકૃતિક કૃષિ અંગે ઉદ્દભવતા પ્રશ્નો અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતુ.

## મહિલા કોલેજ પાલિતાણાની ટીમ કબડ્ડીમાં થઈ જિલ્લા ચેમ્પિયન




ગુજરાત સરકાર દ્વારા આયોજિત ખેલ મહાકુંભ ૨૦૨૫ માં કબડ્ડી સ્પર્ધામાં ભાવનગર જિલ્લા ગ્રામ્યમાં મહિલા કૉલેજ, પાલિતાણાની બહેનો ચેમ્પિયન થયેલ છે. મહુવાની ટીમ હરાવીને ફાઈનલ મેચ સેન્દરડા સાથે રમીને વિજેતા થયેલ. સૌરાષ્ટ્ર જોન માટે સાત બહેનોનું સિલેક્શન થયેલ. ખેલાડીઓ તરીકે કેપ્ટન ચાવડા રિંકલ , ગોહિલ મનીષાબા, ભાદરકા કૈલાસ, ગોહિલ કિંજલ, ચાવડા ગુલાબ, રાઠોડ મહેંદી, ચૌહાણ વૈશાલી, ટીમ મેમ્બર હતા. આ તકે ટ્રસ્ટ પ્રમુખ મયુરસિંહ સરવૈયા , પ્રાચાર્ય ડૉ. પંકજ ત્રિવેદી સ્પોર્ટ્સ કૉ-ઓર્ડિનેટર ડૉ. જતિન પંડ્યા , હેડ કોચ નિલેશ રાજ્યગુરુ, કોચ અમરસિંહ રાઠોડ અને કૉલેજ પરિવારે સિદ્ધિને વધાવી હતી. આગામી સમયમાં ટીમ જૂનાગઢ ખાતે રમવા જશે.

# સાયકલિસ્ટો ગિરનાર ફરતે ૭૩ કી.મી.ની પરિક્રમા કરશે


## ભાવનગર સાયકલ ક્લબના ૨૦થી વધુ સાયકલિસ્ટો જોડાશે

ભાવનગર,તા.૪

ગુજરાતના સર્વોચ્ચ શિખર જુનાગઢના ગિરનારની ફરતે ઓન રોડ ૭૩ કિમી સાયકલ દ્વારા પરિક્રમા યોજાશે. આ આધ્યાત્મિક અને પ્રકૃતિમય રાઈડનું આયોજન તા. ૧૧ જાન્યુઆરી ૨૦૨૬ રવિવારના રોજ અમદાવાદના ગ્રીન રાઈડર્સ ગ્રુપ દ્વારા વિવિધ સાયકલિંગ ક્લબોના સહયોગથી યોજાશે, આ યાત્રાનો પ્રારંભ જૂનાગઢના સરદાર પટેલ દરવાજાથી સવારે ૦૬ વાગ્યે થશે અને અંદાજે બપોરે ૧૨ કલાકે પૂર્ણ થશે.

આ રાઈડ દરમ્યાન સપોર્ટ વેહિકલ, ટેક્નિશિયન, હાયડ્રેશન અને રિફ્રેશમેન્ટની સુવિધા ઉપલબ્ધ રહેશે તેમજ યાત્રા પૂર્ણ કરનાર તમામ સાયકલિસ્ટોને ઈ-પ્રમાણપત્ર આપવામાં આવશે.

આ યાત્રામાં ગુજરાત અને અન્ય રાજ્યોમાંથી



૩૦૦ થી વધુ સાયકલિસ્ટો જોડાવાની શક્યતા છે. આ યાત્રામાં ભાગ લેવા માટેનું રજીસ્ટ્રેશન ચાલુ થઈ ગયેલ છે. જેમાં બહારગામના સાયકલિસ્ટો માટે રહેવા તથા જમવાની વ્યવસ્થા કરવામાં આવી છે.

વધુ માહિતી માટે ગ્રીન રાઈડર્સ ગ્રુપ અમદાવાદ તેમજ ભાવનગરવાસીઓ ભાવનગર સાયકલ ક્લબનો મો. ૭૪૮૫૯૩૧૭૧૭ ઊપર સંપર્ક કરી જોડાઈ શકે છે.

સૌરાષ્ટ્ર આસપાસ
Owner : Leela News Network Private Limited, Printer & Publisher Shri Komalkant Fakirchand Sharma On behalf of Leela News Network Private Limited Printed At : Old Bunder Road, Bhavnagar Published at : T/6, Third Floor Business Centre Ghogha Gate Bhavnagar Editor : Rajesh Kiritbhai Dave * (Responsible for News Editing as per PRB Act)